પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૯૪ | ૧૪ જુન, ૨૦૧૯, શુક્રવાર; જયેષ્ઠ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

સંકટ ટળ્યું, 'વાયુ' હવે ઓમાન તરફ

પ્રચંડ 'વાયુ' વાવાઝોડુ ગુજરાત દરિયાકાંઠે નહીં ટકરાય : મધરાતે વાયુ વાવાઝોડાની દિશા બદલાઇ, હવે ઓમાન તરફ : અસર હેઠળ ગુજરાતના દરિયાકાંઠે ભારે વરસાદ થશે અને ૧૫મી જુન સુધી તેની અસર રહેશે : ગુજરાત કોઇ તક લેવા તૈયાર નથી : સાવચેતીના પગલાઓ

ગાંધીનગર,તા. ૧૩

ગુજરાત પર વાયુ વાવાઝોડાનુ છેલ્લા કેટલાક દિવસથી તોળાઇ રહેલુ સંકટ મોટાભાગે ટળી ગયુ છે. જો કે, તેની અસર જોવા મળી શકે છે જેના ભાગરુપે ભારે વરસાદ થશે. ખાનગી હવામાન સંસ્થા સ્કાયમેટે દાવો કર્યો છે કે વાયુ વાવાઝોડાનો હવે ગુજરાત પર કોઇ ખતરો નથી. તેની ગુજરાતમાં નહીવત અસર થશે. જો કે તંત્ર સંપૂર્ણ પણે સ્થિતીને પહોંચી વળવા માટે તૈયાર છે. લો પ્રેશરમાંથી વિનાશક વાવાઝોડામાં બદદાયેલુ વાયુ વાવાઝોડુ હવે ગુજરાતના દરિયાકાઠા પર ટકરાશે નહીં. હાલમાં તે ઉત્તર-ઉત્તરપશ્ચિમ દિશામાં આગળ વધી રહ્યુ છે. જે રીતે સ્થિતી ઉભી થઇ રહી છે તે જોતા હવે ગુજરાતમાં ટકરાશે નહીં. જો કે પોરબંદર, દ્વારકા અને ઓખામાંથી પસાર થઇ જશે. કાંઠાના વિસ્તારમાં વરસાદ ચોક્કસણે થનાર છે. તેની અસર હેઠળ પાંચ દિવસ સુધી વરસાદ થઇ શકે છે. હાલમાં વાવાઝોડુ વેરાવળથી ૨૦૦ કિલોમીટરના અંતરે છે. તે હવે ઓમાન તરફ ફંટાઇ જવાની સંભાવના છે. આની સાથે જ મોટી ઘાત ટળી ગઇ છે. આજે સવારે વાવાઝોડાએ પોતાની દિશા બદલી દીધી હતી. ગુજરાતના દરિયાકાંઠાથી પહેલા જ તે ફરી દરિયા તરફ વળી ગયુ છે. હવે તે ગુજરાતમાં ઘુસવાની કોઇ શક્યતા નથી. અલબત્ત તંત્ર સંપૂર્ણરણે સાવધાન છે. બીજીબાજુ, વાયુ વાવાઝોડાની અસરના ભાગરૂપે આજે સૌરાષ્ટ્ર-કચ્છના તમામ દરિયામાં જોરદાર તોફાન સર્જાયુ હતું. દીવ, પોરબંદર, વેરાવળ, વલસાડ, તીથલ, જાફરાબાદ, સોમનાથ, દ્વારકા, ઉના, કંડલા સહિતના દરિયામાં આજે તોફાનનું જાણે તાંડવ સર્જાયું હતું. દરિયામાં ૧૫થી ૨૫ ફુટ સુધીના ઉંચા મોજા ઉછળ્યા હતા અને તેની તીવ્રતા એટલી જોરદાર હતી કે, દીવ, પોરબંદર, જાફરાબાદના દરિયા

● અનુસંધાન પાન-૭ પર

વાવાઝોડાના પગલે રેલવે દ્વારા ૯૮ ટ્રેનો રદ કરાઇ

ગુજરાતની ૭૦ ટ્રેનો પૂર્ણ રીતે રદ કરી દેવાઇ : સાવચેતીના પગલા રૂપે તમામ ટ્રેનો શુક્રવાર સુધી રદ

ગાંધીનગર,તા. ૧૩

ગુજરાતમાં વાયુ વાવાઝોડાની અસર હેઠળ સાવચેતીના પગલારૂપે તમામ પગલા લેવામાં આવ્યા છે. જેના ભાગરૂપે ગુજરાતમાં ૯૮ ટ્રેનો રદ કરવામાં આવી છે. જે પૈકી ૭૦ ટ્રેનો સંપૂર્ણપણે રદ કરાઇ છે. જ્યારે ૨૮ ટ્રેનોને આંશિક રીતે રદ કરવામાં આવી છે. શુક્રવાર સુધી ટ્રેનો રદ રહેશે. વાવાઝોડાની તીવ્રતાને જોઇને સૌરાષ્ટ્ર તરફ જતી અનેક ટ્રેનોને રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ચક્રવાતની ચેતવણીને ધ્યાનમાં રાખીને, ટ્રેન મુસાફરો માટે વિવિધ સલામતી અને સલામતીની સાવચેતી પશ્ચિમ રેલવે દ્વારા વેરાવળ, ઓખા, પોરબંદર, ભાવનગર, ભુજ અને ગાંધીધામ તરફની તમામ પેસેન્જર અને મેઈલ-એક્સપ્રેસ ટ્રેનો રદ કરવામાં આવી છે. વાવાઝોડાને ધ્યાનમાં રાખીને દથી ૧૦ કોચ ધરાવતી ખાસ ટ્રેનની વ્યવસ્થા કરવામાં આવી છે. જેને એક સલામત સ્થાન પર રાખવામાં આવશે. જે તાત્કાલિક સ્થળાંતર કરવા માટે ઉપયોગમાં લેવામાં આવશે.

હજુ ખતરો સંપૂર્ણપણે ટળ્યો નથી : પકંજકુમાર

આગામી બે દિવસ દરિયાઇ વિસ્તારમાં એલર્ટ રહેશે : વાવાઝોડાના કારણે બંધ કરાયેલા વિજળીના ૭૨૬ ફીડરો ફરી શરૂ થયા : ૧૯૫૭ ગામડામાં વિજ સેવા પુનઃસ્થાપિત

ગાંધીનગર, તા. ૧૩

વાયુ વાવાઝોડાનો ખતરો હજુ પણ સંપૂર્ણપણે ટળ્યો નહીં હોવાની વાત આજે અધિક મુખ્ય સચિવ પંકજકુમાર દ્વારા કરવામાં આવી હતી. સૌરાષ્ટ્રના કાઠાના વિસ્તારમાં ૧૪૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફુંકાવવાની શક્યતા છે. તેમણે કહ્યું હતું કે, વેરાવળથી ૧૧૦ કિલોમીટર દક્ષિણ પશ્ચિમ દિશામાં વાવાઝોડુ સ્થિર થયું છે. વાવાઝોડાના સામના માટે પહેલાથી જ રાજ્ય સરકાર દ્વારા આગતરું આયોજન કરવામાં આવ્યું હતું અને ત્રણ લાખથી વધુ લોકોને સુરક્ષિત ખસેડી લેવામાં આવ્યા હતા. ૧૦ લાખ ફુડ પેકેટ પણ તૈયાર કરાયા હતા. આરોગ્ય સેવા, સંદેશા વ્યવહાર, વિજળી, રસ્તા, પીવાના પાણીની સુવિધા જેવી પાયાની સુવિધા માટે ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. બસ, રેલવે અને વિમાની સેવાને હાલપુરતી બંધ રાખવામાં આવી છે. આગામી બે દિવસ સુધી દરિયાઇ વિસ્તારમાં હાઈએલર્ટ આપી દેવામાં આવ્યું છે. મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજકુમારે કહ્યું હતું કે, વાવાઝોડાની સ્થિતિ ઉપર સરકારની ચાંપતી નજર છે. તમામ કામગીરી યુદ્ધના ધોરણે રાખવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે, નાગરિકો આશ્રય સ્થળ કે સુરક્ષિત

● અનુસંધાન પાન-૭ પર

ન્યુઝ ટ્રેક

બંગાળમાં મમતાનું ડોકટરોને અલ્ટીમેટમ

સાથી ડોકટર્સ સાથે મારપીટ પછી મંગળવારથી પશ્ચિમ બંગાળમાં તબીબો હડતાળ પર ઉતર્યા છે. મુખ્યમંત્રી મમતા બેનરજીએ હડતાળ કરી રહેલા તમામ ડોકટર્સને કામ પર પરત ફરવા અલ્ટીમેટમ આપ્યું છે.

બિલ્ડર મોન્ટીની ધરપકડ

વ્યવસાયે બિલ્ડર અને ખરીદદારો સાથે છેતરપીંડીના કેસમો સામનો કરી રહેલા મોન્ટી ચઢ્ઢાને દિલ્હી પોલીસે અરપોર્ટ પરથી ઝડપી લીધો છે તેની સામે લુક આઉટ નોટીસ પણ જાહેર કરવામાં આવી હતી.

પાટેકરને કલીન ચીટ

એકટ્રેસ તનુશ્રી દત્તાએ નાના પાટેકર વિરુધ્ધ એક જૂના મામલે યૌન શોષણનો આરોપ લગાવ્યો હતો. આ બાબતે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. જો કે મુંબઈ પોલીસે આ કેસમાં તપાસ બાદ નાના પાટેકરને કલીનચીટ આપી દીધી છે.

બિશ્કેકમાં જિંગપિંગની સાથે મોદીની વિવિધ મુદ્દાઓ પર ચર્ચા

કિર્ગીસ્તાનના પાટનગર બિશ્કેકમાં સમિટમાં ભાગ લેવા મોદી પહોંચ્યા : ત્રાસવાદ સામે પાકિસ્તાન કાર્યવાહી કરે : પાકિસ્તાન, આતંકવાદ, દ્વિપક્ષીય મુદ્દા પર ચર્ચા

બિસ્કેક,તા. ૧૩

કિર્ગીસ્તાનના પાટનગર બિસ્કેકમાં એસસીઓ સમિટના ભાગરુપે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના પ્રમુખ શી જિંગપિંગ વચ્ચે વાતચીત થઇ હતી. વાતચીતમાં પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદનો મુદ્દો પણ ઉઠ્યો હતો. બંને નેતાઓ વચ્ચે થયેલી વાતચીતમાં ભારતે પાકિસ્તાનને આતંકવાદ પર કઠોર પગલા લેવાની જરૂરિયાત ઉપર ભાર મુકવામાં આવ્યો હતો. મોદીએ જિંગપિંગને કહ્યું હતું કે, પાકિસ્તાન આતંકવાદ મુક્ત ક્ષેત્ર બને તેવી અમારી ઈચ્છા છે પરંતુ આવું થતાં દેખાઈ રહ્યું નથી. ભારત ઈચ્છે છે કે, પાકિસ્તાન આતંકવાદીઓ સામે કાર્યવાહી કરે. બંને નેતાઓ વચ્ચે થયેલી વાતચીત અંગે વિદેશ સચિવ વિજય ગોખલેએ માહિતી આપી હતી. બંને નેતાઓ જુદા જુદા વિષય ઉપર પણ વાતચીત કરીને પેન્ડિંગ મુદ્દાઓને ઉકેલવા આગળ વધવા સહમત થયા હતા. બીજી વખત દેશના વડાપ્રધાન બન્યા બાદ જિંગપિંગ સાથે તેમની આ પ્રથમ બેઠક હતી. અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદી શાંઘાઇ

● અનુસંધાન પાન-૭ પર

અરૂણાચલમાં દુર્ઘટનાગ્રસ્ત વિમાન એએન-૩૨ના તમામના મોત

લાપતા થયેલા વિમાનના કાટમાળ સુધી બચાવ ટુકડી પહોંચી : કાટમાળ સુધી પહોંચી ગયેલી બચાવ-રાહત ટીમ દ્વારા આઘાતજનક સમાચાર અપાયા

ઈટાનગર,તા. ૧૩

અરૂણાચલપ્રદેશના સિયાંગ જિલ્લામાં ભારતીય હવાઈ દળના દુર્ઘટનાગ્રસ્ત થયેલા માલવાહક વિમાન એએન-૩૨ વિમાનમાં રહેલા તમામ લોકોના મોત થઈ ગયા હોવાના આઘાતજનક સમાચાર આજે આખરે આપવામાં આવતા આને લઈને ચાલી રહેલી તમામ અટકળોનો અંત આવી ગયો હતો. તમામના મૃતદેહ પણ હાથ લાગી ગયા છે. તમામની ઓળખ પણ કરી લેવામાં આવી છે. કાટમાળમાં કોઈપણ વ્યક્તિ જીવિત ન મળતા આ આઘાતજનક સમાચાર આજે બહાર આવ્યા હતા. વિમાન છેલ્લા કેટલાક દિવસથી લાપતા હતુ. તેને શોધી કાઢવાના પ્રયાસ યુદ્ધના ધોરણે ચાલી રહ્યા હતા. વિમાનના કાટમાળ અંગે ભાળ મળ્યા બાદ આજે બચાવ ટુકડી ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. દુખદ દુર્ઘટના અંગે આજે માહિતી આપવામાં આવી હતી. માર્યા ગયેલા તમામ લોકોના પરિવારને આ આઘાતજનક સમાચાર હવે આપી દેવામાં આવ્યા હતા. આ પહેલા ૧૫ સભ્યોની ટીમ પહોંચી ગઈ હતી. બચાવ ટુકડી આજે કાટમાળના સ્થળ પર પહોંચી ગઈ હતી. વિમાનના કાટમાળ સુધી પહોંચી જવા માટે બુધવારના દિવસે ૧૫ સભ્યોની ટીમમે હેલિકોપ્ટર મારફતે ઉતારી દેવામાં આવી હતી. ભારતીય હવાઈ દળના લાપત્તા થયેલા વિમાન એએન-૩૨નો કાટમાળ અરુણાચલ પ્રદેશના સિયાન જિલ્લામાં દેખાયો હોવાના અહેવાલ મળ્યા બાદ ઉંડી તપાસ હાથ ધરવામાં આવી હતી. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. વિમાનને છેલ્લા એક સપ્તાહથી શોધી કાઢવાની પ્રક્રિયા ચાલી રહી હતી. કાટમાળ વાળી જગ્યા પર કમાન્ડોને હેલિકોપ્ટર મારફતે ઉતારવામાં આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

મંત્રીઓને સવારે ૯-૩૦ વાગે ઓફિસ પહોંચવા પ્રધાનમંત્રીનો સીધો આદેશ

ઘરેથી કામ ન કરવા અને બીજા માટે દાખલા બેસાડવા માટે નરેન્દ્ર મોદીનો આદેશ

નવી દિલ્હી,તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના તમામ પ્રધાનોને સવારે ૯-૩૦ વાગ્યાની આસપાસ ઓફિસ પહોંચી જવા માટેના સ્પષ્ટ આદેશ આપ્યા છે. પ્રધાનોને ઘરેથી કામ ન કરવા માટે કહેવામાં આવ્યુ છે. બીજા લોકો માટે સારા દાખલા બેસાડી દેવા માટે કહેવામાં આવ્યુ છે. બુધવારના દિવસે કેન્દ્રિય કેબિનેટની બેઠક યોજવામાં આવી હતી. જેમાં મોદીએ કહ્યુ હતુ કે ૪૦ દિવસના સંસદના સત્ર દરમિયાન કોઇ બહારના પ્રવાસ ન કરવામાં આવે તે જરૂરી છે. મોદીએ પોતાનો દાખલો આપતા કહ્યુ હતુ કે જ્યારે તેઓગુજરાતના મુખ્યપ્રધાન તરીકે હતા ત્યારે અધિકારીઓની સાથે સાથે નિયમિત સમય પર ઓફિસ પહોંચી જતા હતા. પ્રધાનમંડળની પ્રથમ બેઠકમાં નેતૃત્વ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યુ હતુ. તેમણે કહ્યુ હતુ કે તેઓ નવા ચૂંટાયેલા સાંસદો સાથે પણ સતત મળતા રહે તે જરૂરી છે. કારણ કે સાંસદ અને મંત્રીમાં કોઇ વધારે અંતર નથી. તેમણે ઉમેર્યુ હતુ કે પાંચ વર્ષના એજન્ડાને નક્કી કરીને આગળ વધવામાં આવે તે જરૂરી છે. તેમણે કહ્યુ હતુ કે આની અસર ૧૦૦ દિવસની અંદર દેખાય તે પણ જરૂરી છે. આ બેઠકમાં મંત્રી પરિષદની બેઠકમાં કેટલાક મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યા હતા. બેઠકમાં કેટલાક ઉપયોગી નિર્ણય કરવામાં આવ્યા હતા. માર્ચ ૨૦૧૯ના ઉચ્ચ શિક્ષણ સંસ્થાના અનામત વટહુકમને બદલી નાંખવા માટે બિલને મંજુરી આપી હતી. કેન્દ્રિય માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા નિર્ણયોના સંબંધમાં વાત કરવામાં આવી હતી.

હાલમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ઐતિહાસિક જીત મેળવી છે. નરેન્દ્ર મોદી લહેર વચ્ચે ભારતીય જનતા પાર્ટીએ ૩૦૩ સીટો જીતી લીધી હતી. જ્યારે કોંગ્રેસ પાર્ટીની કારમી હાર થઈ હતી. કોંગ્રેસને માત્ર બાવન સીટ મળી હતી. કેન્દ્ર સરકાર સત્તારૂઢ થઈ ગઈ છે.

ટીસીએસના ૧૦૦થી વધારે કર્મીના પગારો એક કરોડ છે

એક ચતુર્થાંશ કર્મીઓએ કેરિયર અહીંથી શરૂ કરી : અન્ય દિગ્ગજ કંપની ઇન્ફોસીસમાં ૬૦થી વધુ કર્મચારી વાર્ષિક ૧.૦૨ કરોડની કમાણી કરી રહ્યા છે : અહેવાલ

બેંગલોર,તા. ૧૩

તાતા કન્સલ્ટન્સી સર્વિસેસ (ટીસીએસ)માં એવા કર્મચારીઓની સંખ્યા ૧૦૦થી વધારે પહોંચી ગઇ છે જેમની વાર્ષિક આવક એક કરોડ રૂપિયાથી વધારે થઇ ગઇ છે. હાલમાં પ્રકાશિત કરવામાં આવેલા નવેસરના આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. જે કર્મચારીઓ અંગે વાત કરવામાં આવી છે તે પૈકી એક ચતુર્થાંશ કર્મચારીઓએ પોતાના કેરિયરની શરૂઆત દેશની સૌથી મોટી આઇટી કંપનીમાં કરી હતી. નાણાંકીય વર્ષ ૨૦૧૭માં ટીસીએસમાં ૯૧ કરોડપતિ હતા. જે નાણાંકીય વર્ષ ૨૦૧૯માં વધીને ૧૦૩ ઉપર પહોંચી ગઇ હતી. આ આંકડામાં સીઇઓ રાજેશ ગોપીનાથન અને સીઓઓ એનજી સુબ્રમણ્યમ સામેલ કરવામાં આવ્યા છે. આઇટી સેક્ટરની એક દિગ્ગજ કંપની ઇન્ફોસીસમાં ૬૦થી વધારે કર્મચારી ૧.૦૨ કરોડથી વધારેની કમાણી કરી રહ્યા છે. ઇન્ફોસીસની જેમ ટીસીએસના વળતરમાં સ્ટોક કમ્પોનેટને સામેલ કરવામાં આવી રહ્યા નથી. ટીસીએસ લાઇફ સાયન્સ, હેલ્થકેર અને પબ્લિક સર્વિસેસ બિઝનેસના હેડ દેબાશીષ ઘોષને વાર્ષિક ૪.૭ કરોડ રૂપિયા મળે છે. બિઝનેસ અને ટેકનોલોજી હેડ કૃષ્ણન રામાનુજમની આવક ૪.૧ વાર્ષિક રહેલી છે. કંપનીના બેકિંગ, ફાયનાન્સિયલ સર્વિસ તેમજ ઇન્સ્યોરન્સ હેડ ના કથિવાસનને ૪.૩ કરોડ રૂપિયાની રકમ મળી રહી છે.

Rudralife®
World's leading authority on Rudraksha Presents
14th to 17th June 2019
10 am to 8 pm
Rudraksha
એક્ઝીબીશન કમ સેલ
Follow us:
www.rudralife.com
ગાંધીનગર : પથીકઆશ્રમ, એસ.ટી બસ સ્ટેન્ડ પાસે, જી-૩ સર્કલ, સેક્ટર-૧૧. Contact - 9322791218
અમદાવાદ : અનાય ગેલેરી, પુષ્પક કોમ્પલેક્ષ, પ્રહલાદનગર, આનંદનગર રોડ. Contact - 9322947642
રુદ્રલાઈફના એક્સપર્ટસ દ્વારા આપના જન્મ, વ્યવસાય, સામાજીક અને આધ્યાત્મિક પરિમાણોના અવલોકનથી સફળ રુદ્રાક્ષ કોમ્બીનેશન અંગેનું પર્સનલ માર્ગદર્શન
₹900 સરસ્વતી બંધ® (For Students)
₹2,550 સ્વાસ્થ્ય બંધ® (For Health)
સૂર્ય પાવર™ (For Name & Fame)
આગ્યા ચક્ર™ (For Industrialists)